# શ્રી રામ નાઈક
# સંક્ષિપ્ત પરિચય
**૩૦ જૂન ૨૦૦૯**

શ્રી અટલબિહારી વાજપેયી ના નેતૃત્વતળેના પ્રધાનમંડળમાં શ્રી રામ નાઈક ઓકટોબર ૧૯૯૯ થી મે ૨૦૦૪ આસમય દરમ્યાન કૅબિનેટ પ્રધાન હતા. ૧૯૬૩ માં પેટ્રોલિયમ અને નૈર્સગિક વાયુ ખાતામાટે સ્વતંત્ર મંત્રાલયની સ્થાપના થઈ. ત્યારથી સૌથી વધુ સમય માટે શ્રી રામ નાઈક પેટ્રોલિયમ પ્રધાન રહ્યાં હતા. તે પહેલાની કેંદ્ર સરકારમાં રેલ્વ (સ્વતંત્ર પ્રભાર), ગૃહ, નિયોજન અને કાર્યક્રમ અમલબજાવણી અને સંસદીય કામકાજ આ ખાતાઓ ના રાજયમંત્રી પદો શ્રી રામ નાઈકે શોભાવ્યા. એકજ સમયે આટલા મહત્વના ખાતાઓ સાચવવા એક વિશેષતા મનાય છે.

૧. શ્રી રામ નાઈકે પેટ્રોલિયમ અને કુદરતી વાયુ ખાતાના પ્રધાન તરીકે ઓકટોબર માં હોદ્દો સ્વીકાર્યો તે વેળા એક કરોડ દસ લાખ ગ્રાહકો ઘરઘરાઉ ગેસ માટે પ્રતિક્ષાયાદી પર હતા. આબધાં સાથે કુલ ૩ કરોડ ૫૦ લાખ નવા ગેસ જોડાણ આપી શ્રી રામ નાઈકે પ્રતિક્ષાયાદી સમાપ્ત કરી હતી. આની સામે પહેલાના ૪૦ વર્ષમાં કુલ ૩.૩૭ કરોડ ગેસના જોડાણો આપવામાં આવ્યા હતા. આ સીવાય શહેરી વિસ્તારના ઓછી આવકવાળાવર્ગના લોકો માટે અને પર્વતીય ક્ષેત્રના વિસ્તાર માટે શ્રી રામ નાઈકે ૫ કિલોગ્રામના સિલિંડર પણ ઉપલબ્ધ કરાવ્યા હતાં. મે ૨૦૦૪ માં સત્તા પર આવેલ કોંગ્રેસ સરકારની કારકીંદી થોડાજ દિવસોમાં નવાં ગેસ સિલિંડરના જોડાણો તુરંત ન મળતા હોવાને કારણે શ્રી રામ નાઈક ના આ કાર્યની મહત્તા હજુ બળકટપણે સિધ્ધ થાય છે. એજ પ્રમાણે કાચા તેલનું પરાવલંબનપણું ટળે એ માટે એમણે અનેક યોજનાઓ ઘડી કાઢી અને તેનું અમલીકરણ શરૂ કર્યું. એમાંનો મહત્વપૂર્ણ નિર્ણય એટલે શેરડીના રસમાંથી ઇથેનૉલ નિર્માણ કરી તેનું પેટ્રોલમાં ૫% મિશ્રણ કરવું નજીકના ભવિષ્યમાં આખાય દેશમાં ૧૦% મિશ્રણ કરાય એટલું નિર્માણ અપેક્ષિત છે. કારગિલ યુધ્ધમાંના હુતાત્માઓ મારફતે પેટ્રોલપંપ અને ગેસ વિતરણ એજન્સી આપવાની આગવી યોજના પણ તેમણેજ મંજૂર કરી હતી. સંસદ પરના હુમલા વખતે પોતાના પ્રાણોની આહુતિ આપનારા સુરક્ષા કર્મચારીઓનાં કુટુંબીઓને પણ પેટ્રોલપંપ આપવામાં આવ્યા.

૨. રેલ્વે પ્રવાસીઓના મિત્ર તરીકે રામ નાઈકને મુંબઈગરા ઓળખે છે. ૧૯૬૪ માં રેલ્વે પ્રવાસી સંઘની સ્થાપના કરી શ્રી રામ નાઈકે રેલ્વે સમસ્યા ના નિરાકરણની શરૂઆત કરી હતી. તેઓ રેલ્વે રાજ્ય મંત્રી હતા તે વેળાજ મુંબઈ રેલ્વે વિકાસ મહામંડળની સ્થાપના થઈ. આખાય દેશમાં અનેક પ્રકલ્પો શરૂ થયાં. ૬૫ લાખ મુંબઈ ઉપનગરીય પ્રવાસીઓની દ્રષ્ટિએ ઉપનગરીય રેલ્વેનો કાર્યક્ષેત્ર વિસ્તાર દહાણુ સુધી, ૧૨ ડબ્બાની ટ્રેનો, કોમ્પ્યુટરાઇઝ રીઝર્વેશન સેંટર, બોરીવલી-વિરાર ચાર લાઈનનું અને કુર્લા - કલ્યાણ છ લાઈનનું નિર્માણકાર્ય આવા અનેક સુધારાઓની શરૂઆત થઈ. પ્રવાસીઓ પાસેથી નામો મંગાવી નવી ટ્રેનોના નામકરણની પણ તેમણેજ શરૂઆત કરી હતી. વિશ્વની પહેલી મહિલા વિશેષ ટ્રેન પ્રારંભ કરવામાં શ્રી રામ નાઈકનો સિંહફાળો છે.૨૦૦૫ અને ૨૦૦૭ આ વર્ષોમાં ઉપનગરી પ્રવાસીઓની પરિષદો ભરી તેમની મુશ્કેલીઓ પ્રભાવી ઢબે સરકાર

સમક્ષ રજૂ કરી અને ૧૧ જૂલાઇ ૨૦૦૬ ના ઉપનગરી ટ્રનોમાં થયેલ બૉંબધડાકાને કારણે અસરગ્રસ્તોના પરિવારો ને મદદ મેળવી આપવા તેમણે વિશેષ પ્રયત્નો કર્યા.૧૦ ડિસેંબર ૨૦૦૭ વિશ્વ માનવધિકાર દિન નિમીત્તે બોરીવલી થી વિરાર આ પશ્ચિમ રેલ્વેપરના અતિગિર્દી ના વિસ્તારના પ્રવાસીઓને દર પાંચ મિનિટે વિરાર ટ્રન મળવી જોઈએ આ મુજબની માગણી માટે અભૂતપૂર્વ બહિષ્કાર નો યશસ્વી કાર્યક્રમ થયો.એ લડતનું નેતૃત્વ પણ તેમણે જ કર્યું.

૩. ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘથી સળંગ પાંચ વખત ચૂંટાઈ આવવાનો વિક્રમ શ્રી રામ નાઈકે નોંધાવેલ છે. એ પહેલા આ જ લોકસભા ક્ષેત્રના બોરીવલી વિધાનસભા મતદારસંઘથી સળંગ ત્રણ વખત તેઓ વિજયી થયા હતાં. ૧૯૯૯ માંની લોકસભા ચૂંટણીમાં ૫,૧૭,૯૧૪ મતો મેળવનારા શ્રી રામ નાઈક મહારાષ્ટ્રમાં સર્વાધિક મતો મેળવનારા ગૌરવના માનને પાત્ર ઠર્યા હતા. મુંબઈથી સળંગ આઠ વખત ચુંટાઈ આવવાનો વિક્રમ કરનારા તેઓ પ્રથમ લોકપ્રતિનિધિ રહ્યાં છે. જનપ્રતિનિધિ હતા ત્યારે તો પોતાના ઉત્તરદાયીત્વના સિધ્ધાંતના અનુસરણમાં દરવર્ષે કામનો અહેવાલ રજૂ કરતાજ, પણ ચૂંટણીમાં પરાજય થયા બાદ પણ આવો અહેવાલ રજૂ કરનારા તેઓ એકમેવ માજી જનપ્રતિનિધિ છે.

૪. લોકસભામાં પ્રવેશ કર્યા બાદ ટુંકાગાળામાં મુરબ્બી સંસદપટુ એવી છબી નિર્માણ કરનારા શ્રી રામ નાઈકે ૧૯૯૫-૧૯૯૬ દરમ્યાન અત્યંત પ્રતિષ્ઠાનું કહેવાતું લોકલેખા સમિતિનું અધ્યક્ષપદ શોભાવ્યું હતું. પહેલાની ત્રણ લોકસભામાં તેઓ ભારતીય જનતા પક્ષનાં મુખ્ય પ્રતોદ હતા. અનેક સંસદીય શસ્ત્રોનો કુશળતા પૂર્વક ઉપયોગ કરવાના ગુણને કારણે સંસદમાંની ચર્ચાઓમાં પોતાની છાપ પાડનારા શ્રી રામ નાઈકે શેયર ગોટાળા પરની સંયુકત સંસદીય સમિતિ, મહિલા અધિકાર પ્રદાન સમિતિ, રેલ્વે કન્વેંશન સમિતિ, આવી અનેક મહત્વપૂર્ણ સમિતિઓના કામો માં યોગદાન આપેલ છે. લોકસભા અધ્યક્ષની અનુપસ્થિતિમાં સભાગૃહનું કામકાજ કરનારી પીઠાસીન અધિકારીવર્ગની યાદીમાં એમનો સમાવેશ થયો હતો.

૫. સંસદમાં વંદે માતરમ્ ગાવાની પ્રથા શ્રી રામ નાઈકના આગ્રહને કારણેજ શરૂ કરાઈ હતી. અંગ્રેજોના સમયમાં થયેલ "બોમ્બે" અને હિન્દીમાં "બમ્બઈ" નું ફરી અસલ મરાઠી સ્વરૂપે "મુંબઈ" કરવા ખાતર તેમણે સરકારને મજબૂર કરી. મતદારસંઘના વિકાસકાર્ય માટે પ્રત્યેક સાંસદને દરવર્ષે એક કરોડનું ફંડ મળવાની મુળ કલ્પના શ્રી રામ નાઈકની જ છે. તેઓ નિયોજન અને કાર્યક્રમ અમલબજાવણી ખાતાના રાજયપ્રધાન હતાં તે વેળા આ રકમ બે કરોડ રૂપિયાની કરવામાં આવી હતી. શિશુ આહારની જાહેરાતો પર પ્રતિબંધ લાવી સ્તનપાનને પ્રોત્સાહન આપવા ખાતર વિરોધી પક્ષમાં હોવાછતાં તેમણે સંસદમાં અશાસકીય વિધેયક મુક્યો. સરકારે તેનો સ્વીકાર કરી બાદમાં તેનું કાયદા માં રૂપાંતર થયું.

૬. શ્રી રામ નાઈકનો જન્મ સાંગલી ખાતે ૧૬ એપ્રિલ ૧૯૩૪ મા થયો અને શાળાકીય શિક્ષણ સાંગલી જીલ્હા આટપાડીખાતેના ભવાની વિદ્યાલયમાં થયું. કોર્મસ (વાણિજય) લૉ (કાયદો)

ના સ્નાતક શ્રી રામ નાઈકે મુંબઈના એકાઉન્ટન્ટ જનરલનાં કાર્યાલય મા લિપિક ના હોદ્દાથી નોકરીના કાળની શરૂઆત કરી. ટુંકાગાળામાંજ ખાનગી ક્ષેત્રોમાંના એક ખ્યાતનામ ઉદ્યોગમાં કંપની સેક્રેટરી તરીકે તેઓ રહ્યા. થોડો સમય વ્યવસ્થાપન સલાહકાર તરીકે તેમણે કામકાજ કર્યું. શ્રી રામ નાઈક બાળપણથીજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક છે. સંઘના દ્વિતીયવર્ષનું પ્રશિક્ષણ તેમણે લીધું હોઈ પુના ખાતે મહા વિદ્યાલયીન શિક્ષણ લેતા વૈદિકાશ્રમ શાખાના અને ત્યારબાદ મુંબઇમાં આઝાદ મેદાન, અને સિધ્ધાર્થનગર, ગોરેગામ ખાતે શાખાના મુખ્ય શિક્ષક તરીકે તેમણે કામ કર્યું.

૭. ૧૯૬૯ માં જનસંઘનાં પૂર્ણકાલીન સંઘટન સચિવ તરીકે કામ કરવા ખાતર સારી નોકરી નો મોહ મુકયો. ૧૯૭૭ સુધી તેમણે તે હોદ્દાપર યશસ્વીપણે કાર્ય કર્યું. ભારતીય જનતા પક્ષની સ્થાપના બાદ પક્ષના મુંબઈ વિભાગનું પ્રમુખપદ શ્રી રામ નાઈકે ત્રણ વખત શોભાવ્યું. હાલમાં તેઓ ભારતીય જનતા પક્ષની કાર્યકારિણીના વિશેષ નિમંત્રિત સદસ્ય હોઈ અખિલ ભારતીય અનુશાસન સમિતિના પ્રમુખની રૂએ કામ કરી રહ્યાં છે.

૮. તારાપૂર ખાતેના અણુ ઉર્જા પ્રકલ્પ તબકકો ૩ અને ૪ ને કારણે અકકરપટ્ટી અને પોફરણ ખાતેના વિસ્થાપિતોના પુનર્વસનની લડત મુંબઈ ઉચ્ચ ન્યાયાલયમાં શ્રી રામ નાઈક લડી રહ્યા છે. વિસ્થાપિતોને ન્યાય મળી રહ્યો છે. આ સંદર્ભે "ગાથા સંર્ઘષાચી" આ મરાઠી પુસ્તક પણ શ્રી રામ નાઈકે લખેલ છે, તેનો અંગ્રેજીમાં અનુવાદ પણ થયેલ છે. કુષ્ઠપીડિતોને સામાજીક પ્રતિષ્ઠા મળે તેમજ તેમનું યોગ્ય પુનર્વસન થાય તેમાટે ૫ ડિસેંબર ૨૦૦૭ ના તેમની આગેવાનીમાં રાજયસભામાં વિનંતી અરજી રજૂ કરવામાં આવી હોઈ તે રાજયસભામાં વિચારાધીન છે. રાજયસભાની વિનંતીઅરજી સમિતીએ દેશઆખામાં મુલાકાતો લઈ પોતાનો અહેવાલ રજૂ કર્યો હોઈ`તનાપર ભારત સરકારે છ મહિનામાં કાર્યવાહી કરવાની રહેશે.

૯. શ્રી રામ નાઈકને ૧૯૯૪ માં કર્ક રોગ થયો હતો. પરંતુ શ્રી રામ નાઈકે તેનાપર નિગ્રહપુર્વક કાબૂ મેળવ્યો. ત્યારબાદ પાછલા બાર વર્ષથી તેઓ પહેલાનાજ ઉત્સાહ અને ક્ષમતા થી કામ કરી રહ્યાં છે. જાગ્રતપણું, જીણામાંજીણી વિગતોની નોંધલેનારી તીક્ષ્ણ નજર આ એમના જમાપાસાં, અને પારદર્શી પ્રામાણીકતા, કાર્યકર્તાઓનું જાળું લોકસંગ્રહ તેમજ ઉલ્લેખનીય એવી કાર્યક્ષમતા આ ગુણોને કારણે શ્રી રામ નાઈક નું અનોખું વ્યકિતત્વ ચોતરફ આદરણીય સાબિત થયું છે.

**********************